TET(Teacher Eligibility Test)
પ્રમાણપત્રની મુદત બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સિ.ફા.-૦૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૩૦/૦૭/૨૦૨૪

**વંચાણે લીધાં:**

(૧) શિક્ષણ વિભાગનો તારીખ :૨૭/૦૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તારીખ : ૦૬/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૩) શિક્ષણ વિભાગનો તારીખ :૨૨/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૨૦૨૧/સિ.ફા.-૦૭/ક

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તારીખ :૦૨/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક :પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૪

**પ્રસ્તાવના** :

આ વિભાગના તારીખ:૨૭/૦૪/૨૦૧૧ ના વંચાણે લીધા ક્રમાંક-(૧) હેઠળના ઠરાવથી ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકની ભરતી માટે શિક્ષક યોગ્યતા કસોટી (TET) લેવાનું ઠરાવેલ છે. આ ઠરાવમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ TET-1(ધોરણ ૧ થી ૫ માટે) અને TET-2(ધોરણ ૬ થી ૮ માટે) ફરજીયાત પાસ કરવાની રહેશે. તેમજ TET-1 અને TET-2 નું પ્રમાણપત્ર ૫ વર્ષ સુધી માન્ય રહેશે-તેવી જોગવાઇ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ આ વિભાગના તારીખ:૦૬/૦૬/૨૦૧૩ ના વંચાણે લીધા ક્રમાંક-(૨) હેઠળના ઠરાવથી આ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવના ફકરા નં.૫ માં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ હતો.

*" શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે, પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને*

*તેવી સ્થિતિમાં ઉમેદવાર શિક્ષકની ભરતી માટે ટેટની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવાર ઇચ્છે તો શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક શિક્ષક માટે તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બંને માટે આપી શકશે."*

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩) હેઠળના તા.૨૨/૧૦/૨૦૨૧ ના ઠરાવથી *શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં સૂચવ્યા મુજબ શિક્ષક યોગ્યતા કસોટીના નવા નિયમો અમલમાં આવે ત્યાં સુધી રહેશે* -તેમ જોગવાઇ કરવામાં આવેલ.

તાજેતરમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક -(૪) હેઠળના તારીખ:૦૨/૦૭/૨૦૨૪ ના પત્રથી TET(Teacher Eligibility Test) પ્રમાણપત્રની અવધિ અંગે નિર્ણય કરવા દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે TET (૧ & ૨) ના પ્રમાણપત્રની માન્યતા અવધિ અંગે નિર્ણય કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

પુખ્ત વિચારણાને અંતે TET (૧ & ૨) ના પ્રમાણપત્રની માન્યતા અવધિ બાબતમાં આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**(૧) વર્ષ:૨૦૨૩ માં લેવાયેલ ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોના પ્રમાણપત્રની અવધિ, પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૫ વર્ષ અથવા NCTE દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ ટેટ પરીક્ષાનું નવું માળખું સૂચવવામાં આવે ત્યાં સુધી તે બંનેમાં જે વહેલું હોય ત્યાં સુધી રહેશે.**

**(૨) આ વર્ષે થનાર વિદ્યાસહાયક ભરતીમાં વર્ષ ૨૦૨૩ પહેલાં જે ઉમેદવારો ટેટ પરીક્ષા પાસ કરેલ છે તેવા અને વર્ષ:૨૦૨૩ માં ટેટ પાસ કરેલ છે તેવા તમામ ઉમેદવારોના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્ર માન્ય ગણવાના રહેશે. ત્યારબાદ વર્ષ:૨૦૨૩ પહેલાંના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની અવધિ માન્ય ગણવાની રહેશે નહિ. પરંતુ જો ઉમેદવાર નિયમ મુજબ વયમર્યાદામાં આવતા હોય તો ભવિષ્યમાં યોજાનાર ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષામાં ભાગ લઇ શકશે.**

આ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ અને તા.૦૬/૦૬/૨૦૧૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. તેમજ આ વિભાગનો તારીખ:૨૨/૧૦/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર સરકારશ્રીની તારીખ :૦૪-૦૭-૨૦૨૪ ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. આર. ઠાકોર)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :

- ❖ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- ❖ માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- ❖ માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ❖ અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ❖ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- ❖ અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- ❖ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- ❖ તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/તમામ શાસનાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત)
- ❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)
- ❖ શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૪